# મંજુશ્રી મીલ કંપાઉન્ડ સ્થિત કોરોના ડેડિકેટેડ હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ



ગાંધીનગર,તા. ૧

રાજય સરકાર દ્વારા કોરોનાની પ્રવર્તમાન સ્થિતને ધ્યાને લઈને ખૂબ જ ટૂંકા ગાળામાં મંજુશ્રી સ્થિત નિર્માણાધીન કિડની હોસ્પિટલને કોરોના ડેડિકેટેડ હોસ્પિટલ માટે કાર્યરત કરાવવામાં આવી છે. જેનો આજે રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ દ્વારા શુભારંભ કરાવવામાં આવ્યો છે.


મંજુશ્રી સ્થિત કિડની હોસ્પિટલ ૩૫૦ કરોડના ખર્ચે ૧૦ લાખ ચોરીસ ફીટની જગ્યામાં નિર્માણાધીન છે.

આ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કૂલ ૪૧૮ પથારીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાંથી ૩ જા અને ૪ થા માડે કૂલ ૩૩૬ પથારીઓ કાર્યરત કરવામાં આવી છે. જ્યારે ૭ માળે વેન્ટીલેટર સહિતના આઈ.સી.યુ. વોર્ડમાં ૮૨ પથારીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ૧૫૦ જેટલા મલ્ટી પર્પસ મોનીટર કાર્યરત કરાવવામાં આવ્યા છે.

હોસ્પિટલમાં ૨૦ હજાર લીટરની પ્રવાહી ઓક્સિજનની ટેંક કાર્યરત કરવામાં આવી છે. તેમજ વધુ જથ્થાની જરૂરિયાત જણાઈ આવે તે માટે અન્ય એક ૨૦ હજાર લીટરની પ્રવાહી ઓક્સિજન ટેંકને વિકલ્પ રૂપે રાખવામાં આવી છે.

હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ૨૮ પી.જી. તબીબો, ૬૦ જેટલા એમ.બી.બી.એસ. તબીબો, ૧૭૫ નર્સિંગ સ્ટાફ અને ૩૫૦ થી વધુ સફાઈ કામદારની નિમણૂક કરવામાં આવી છે.જેઓ કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા-શુશ્રુષામાં દિવસ રાત કાર્યરત રહેશે.

મંજુ સ્થિત કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલમાં તમામ પ્રકારની અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ હોસ્પિટલમાં ઈન હાઉસ સી-ટી સ્કેન, ડાયાલિસિસ જેવી સુવિધાઓ દર્દીઓની સુખાકારીમાં વધારો કરશે.



સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા દેવ દિવાળી નિમિત્તે વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વેબીનારના માધ્યમથી સંસ્કૃતિ મહિલા પરિવારની બહેનો દેવ દિવાળીની કથામાં જોડાઈ હતી અને સર્વેની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી.



સેક્ટર-૧૬ના તિરૂપતિ બાલાજી મંદિર ખાતે દેવ દિવાળીના અવસરે દીવાઓની આરતીના દર્શન યોજાયા હતા. સોશિયલ ડીસ્ટન્સ સાથે ભાવિક ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.



શાળાઓ છેલ્લા ઘણા મહિનાઓથી બંધ છે. સાધન સંપન્ન પરિવારોના બાળકો મોબાઈલ ફોન કે કોમ્પ્યુટર પર ગેમ રમીને સમય પસાર કરે છે પરંતુ ગરીબ પરિવારોના બાળકો માટે તો માટી એટલે જ રમતનું મોકળુ મેદાન. ના તો તેમને ઈન્ફેક્શન લાગવાનો ડર છે, ના તો બિમાર પડવાનો ભય છે. માતા-પિતા દાડીએ જાય તે પછી આખો દિવસ તેમનો આવી જ રીતે માટીમાં રમીને પસાર થાય છે.



મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા ૨૬મી નવેમ્બરથી ૧લી ડિસેમ્બર સુધી રાષ્ટ્રીય બંધારણ દિવસની ઊજવણી કરવામાં આવી હતી.

# રાજ્ય સરકારે શહેરોના સર્વાંગી વિકાસ માટે પાયાની અને માળખાગત સુવિધાઓ ઉભી કરી છે : મુખ્યમંત્રી





ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ગુજરાતના શહેરો વિશ્વના આધુનિક શહેરોની સમકક્ષ બને તે માટે રાજ્ય સરકારે શહેરોના સર્વાંગી વિકાસ માટે પાયાની અને માળખાગત સુવિધાઓ વ્યાપક પ્રમાણમાં ઉભી કરી છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, જ્યાં માનવી ત્યાં સુવિધાના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે અને શહેરોમાં લોકોને મજબૂત અને પાકા સસ્તા આવાસ, લાઈટ-પાણી સહિતની બધી જ સુવિધાઓ સરળતાથી મળે તે માટે પ્રતિબદ્ધ છે. કોરોનાના કપરાકાળમાં પણ વિકાસની ગતિ અટકી નથી અને રાજ્ય સરકારે રૂા. ૧૫ હજાર કરોડના વિકાસના કામોની ભેટ ગુજરાતની જનતાને ધરી છે એમ પણ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ગાંધીનગરથી વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની જનસુખાકારી અને જનસુવિધાઓ અને પ્રાથમિક સુવિધાઓ સાથે અન્ય વિકાસના કામો તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના સહિતના રૂા. ૩૪૪.૪૫ કરોડના ખર્ચે વિવિધ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-શુભારંભ કરાવ્યો હતો.

# MIPLVP ઈન્સ્ટિટયુટ દ્વારા એન-૯૫ માસ્કનું વિતરણ કરાયું









ગાંધીનગર, તા. ૧

દેશભરમાં કોવીડ-૧૯ કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે અને એ ખુબજ ચિંતાજનક છે. રિપ્લ્સ ઓફ ચેન્જ ફાઉન્ડેશન જે એક બિન-સરકારી સંસ્થા છે તેઓ યુનાઈટેડ વે બેંગલુરુ (યુડબ્લ્યુબી) -એસીટી ગ્રાન્ટ્સ, અરવિંદ મિલ્સ અને હાર્ટફૂલનેસ (શ્રી રામચંદ્ર મિશન)ના સહયારા સમર્થનથી વિશ્વને સકારાત્મક અસર પહોંચાડવાની કોશીશ સાથે, કોવીડ-૧૯ ના ફેલાવા સામે લડવામાં મદદ કરી રહ્યું છે. આ હેતુથી તેઓએ બ્રીથ સેફ કેમ્પેન (શ્વાસ સલામતી અભિયાન) શરુ કર્યું છે જેમાં ભારતના અલગ અલગ ૧૪ રાજ્યોમાં ફ્રન્ટલાઈન કામદારો જેવાકે આરોગ્ય યોદ્ધાઓ, કટોકટીના જવાબ આપનારાઓ અને પોલીસ દળો, આશા વર્કરો, એએનએમ આંગણવાડી વર્કર્સ, આરોગ્ય સહાયકો, મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં કર્મચારી અને સ્વચ્છતા કાર્યકરો સહિત સરકારી વિભાગોમાં કામદારો ને N-95 માસ્ક વિતરણ કરી આરોગ્યનું સમર્થન આપવામાં આવશે.

આ સેવાના કાર્યના ભાગ રૂપે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત MIPLVP ઈન્સ્ટીટયુટ ઓફ સોશિઅલ વર્ક, ગાંધીનગર સંસ્થાએ પોતાની ભાગીદારી N-95 માસ્કનું અમદાવાદ અને ગાંધીનગરની અલગ અલગ જગ્યાએ વિતરણ કરવામાં નોંધાવી છે. આ માસ્કનું વિતરણ આરોગ્ય, પોલીસ, શિક્ષણ અને મ્યુનિસિપાલટી વિભાગમાં કરવામાં આવશે જેમાં આ સંસ્થાના હેડ, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ ભાગ લેશે અને માસ્ક પહેરવા માટે લોકોનેની જાગૃત કરશે.

તાજેતરમાં ૨૬ નવેમ્બરના,૨૦૨૦ ના રોજ MIPLVP ઈન્સ્ટીટયુટ ઓફ સોશિઅલ વર્ક સંસ્થા દ્વારા બ્રીથ સેફ કેમ્પેન અંતર્ગત N-95 માસ્કનું DCP ઓફીસ અને પોલીસ કન્ટ્રોલ રૂમ, અમદાવાદમાં કરવામાં આવ્યું અને આ કોવીડ-૧૯ માં પોલીસ વિભાગનો અવિરત કામ કરવા બદલ પણ તેમનો અભાર માનવામાં આવ્યો. નજીકના સમયગાળામાં આ સંસ્થા દ્વારા બીજા વિભાગો જેમકે આરોગ્ય, શિક્ષણ અને મ્યુનિસિપાલટી વિભાગમાં કરવામાં આવશે.

# ભારતભરમાં CAT (કેટ)ની પરીક્ષા યોજાઈ

ગાંધીનગર, તા. ૧

વિશ્વભરમાં એમ.બી.એ. માટે પ્રતિષ્ઠિત એવી ભારતીય પ્રબંધન સંસ્થાન કે જેને ઇંડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેંટ (આઈ.આઈ.એમ.) તેમાં પ્રવેશ માટે રવિવારે ભારતભરમાં કોમન એડ્મિશન ટેસ્ટ (CAT)ની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષા ૨૦ આઈઆઈએમ, આઈઆઈટી (મેનેજમેંટ કોર્સ) અને અન્ય ભાગ લેતી સંસ્થાઓમાં એમ.બી.એ. પ્રવેશ માટે યોજવામાં આવી છે. આ વર્ષની પરીક્ષા આઈ.આઈ.એમ. ઈંદૌર દ્વારા યોજવામાં આવી હતી.

કોરોનાની પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને આ વખતે પરીક્ષા ૩ સ્લોટમાં રાખવામાં આવી હતી. સામાન્ય રીતે આ પરીક્ષા ૨ સ્લોટમાં લેવાતી હોય છે. પ્રથમ સ્લોટ સવારે ૮.૩૦, બીજો સ્લોટ બપોરે ૧૨.૩૦ અને ત્રીજો સ્લોટ સાંજે ૪.૩૦ વાગ્યે હતો. અન્ય એક બદલાવ મુજબ પરીક્ષા ત્રણ કલાકના બદલે બે કલાકની કરવામાં આવી હતી. બધાજ સેન્ટર પર સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્કનો ઉપયોગ ફરજિયાત રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના શરીરનું તાપમાન પણ ચકાસવામાં આવ્યું હતું.

CAT ૨૦૨૦ સ્લોટ ૧ ની પરીક્ષામાં કુલ ૭૬ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સામાન્ય રીતે ૧૦૦ પ્રશ્નો પૂછાતા હોય છે. આ પરીક્ષાના મુખ્ય પ્રાણ ભાગ હોય છે - વરબલ અબિલિટી એટલે કે અંગ્રેજી, ડી. આઈ (DI) અને એલ.આર (LR) એટલે કે તાર્કિક અને ક્વાંટિટેટીવ અબિલિટી એટ્લે કે ગણિત. ડીઆઈ અને એલઆર (DILR) ના ૨૪ પ્રશ્નો, ક્વોન્ટ એટલે કે ગણિતમાં ૨૬ પ્રશ્નો અને અંગ્રેજીમાં ૨૬ પ્રશ્નો; એમ કુલ ૭૬ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. યુનિકોર્ન એજ્યુવેંચેર્સ ગાંધીનગર શાખાના વડા હિતેન્દ્રસિંહના જણાવ્યા અનુસાર પેપરનું સ્તર મધ્યમ હતું. DILR અને ગણિતના પ્રશ્નો મધ્યમ સ્તરના હતા અને જે પણ વિદ્યાર્થીએ વ્યવસ્થિત તૈયારી કરી હોય તે આસાનીથી પ્રશ્નોના જવાબ આપી શક્ય હશે તેવું તેમના ઉમેર્યું હતું. અંગ્રેજીનું સ્તર ઘણા વિદ્યાર્થીઓને સામાન્ય કરતાં અઘરું લાગ્યું હતું.

# દર વર્ષે ચંદ્ર પૃથ્વીથી ૪ સેન્ટીમીટર ખસે છે

## રાજયમાં ચંદ્રગ્રહણની સમજ સાથે ચા - નાસ્તો કરી ફળકથનોની હોળી-વિજ્ઞાન જાથા

ગાંધીનગર, તા. ૧

દેશ–દુનિયામાં ખગોળપ્રેમીઓએ છાયા–માદ્ય ચંદ્રગ્રહણનો અદ્દભૂત અવકાશી નજારો નિહાળી રોમાંચિત થયા હતા આકાશમાં ચંદ્ર ઉપર પૃથ્વીનો પડછાયો પડતા તેજસ્વીતામાં ૦.૧૫ એમ ઘટાડો જોવા મળ્યો હતો. રાજયમાં ગ્રહણ નિદર્શનની સાથે જાગૃતોએ ચા - નાસ્તો આરોગી વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવ્યા. લેભાગુઓની નકારાત્મક આગાહીઓલ ફળકથનોની હોળી કરવામાં આવી હતી. દર વર્ષે ચંદ્ર પૃથ્વીથી ૪ સેન્ટીમીટર ખસે છે અવકાશી પરિભ્રમણ - ભૂમિતિની રમતથી ગ્રહણ સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો પ્રતિસાદ જોવા મળ્યો હતો. ટેલીસ્કોપ–દૂરબીન અને ઈન્ટરનેટના માધ્યમથી ગ્રહણ આહલાદક જોવા મળ્યું હતુ રાજયમાં સોશ્યલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવ્યું હતું. રાજયકક્ષાના કાર્યક્રમનું ઉદઘાટન જાથાના રાજય ચેરમેન જયંત પંડયાએ ઈન્ટરનેટ ઉપર નિદર્શન અને ગેરમાન્યતાના ખંડનમાં ચા–નાસ્તો આરોગી ઉપસ્થિત જાગૃતોને વૈજ્ઞાનિક સમજ આપવામાં આવી હતી. પૃથ્વીનો પડછાયો ૧૩ લાખ ૭૫ હજાર કિલોમીટર લાંબો હોય છે ચંદ્ર આપણાથી ૪ લાખ ૬૦ હજાર કિલોમીટર દૂર છે. ચંદ્ર નજીક હોવાના કારણે પડછાયામાં આવી જાય છે.










# તુલસી પૂજન તેમજ સત્ય નારાયણની કથા કરી વિશ્વને કોરાના મુક્ત કરવા માંગણી!

બોપલ ખાતે આવેલ શિવમ બંગલોઝ ખાતે સુનિતા મુકેશ લાઠીયા દ્વારા તુલસી વિવાહ અને સત્યનારાયણ ની કથા કરી વિશ્વને કોરાનાથી મુક્તિ આપી સર્વ ને આરોગ્યમય જીવન આપવા પ્રાર્થના કરવામાં આવી હતી.આ પ્રસંગે કોવિદ ૧૯ ના આદેશોનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હતું. તુલસીને સુંદર શણગાર કરવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



દિનેશભાઈ કેશવલાલ ચૌહાણ
મો. ૯૪૨૭૦ ૧૦૫૫૫



રૂદ્ર તેજસ ગાંધી



પિયુષ વાલજીભાઈ ઠાકોર
મો. ૯૮૨૪૬ ૪૯૧૬૦



ભારતી રાવલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના



સ્તુતિ મજમુદાર
મો. ૯૮૨૪૬ ૪૯૧૬૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તારાવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તારાવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... કોરોનાથી બચો...